પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૮ | ૧૮ મે, ૨૦૧૮, શુક્રવાર ; અ. જેઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### ખાદ્ય સામગ્રીની કિંમતો પર તંત્ર નજર રાખશે

મહત્વપૂર્ણ ખાદ્ય સામગ્રીઓની કિંમત પર નજર રાખવાની તૈયારીઓ કેન્દ્ર સરકારે આરંભી છે. આ માટે સમગ્ર દેશમાં પ્રાઈઝ મોનીટરીંગ સેલ પ્લેટફોર્મ તૈયાર કરાશે. દરેક રાજ્યમાં આવા પાંચ પીએમસીથી ભાવો અંગે ઓનલાઈન જાણકારી મેળવી શકાશે.

### ફ્લીપકાર્ટ ઈન્ડિયાની ખોટ ઘટી

ફ્લીફકાર્ટ ઈન્ડિયાની ખોટ હવે ૨૪૪.૭ કરોડ રહી ગઈ છે. જે ગયા વર્ષે ૫૪૪.૫ કરોડ હતી. ફ્લીપ કાર્ટ ઈન્ડિયાની આવકમાં ૧૮ ટકાનો વધારો થયો છે.

### પગાર વધારા મુદ્દે જમ્મુ-કાશ્મીર આંગણવાડી કાર્યકરોનો દેખાવ

જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં આંગણવાડી કાર્યકર્તાઓએ વેતન વૃદ્ધિની માંગ સાથે રાજ્ય સરકાર વિરૂદ્ધ પ્રદર્શન કર્યુ હતુ. પ્રદર્શનકારીઓએ મિલીટર હોસ્પિટલ ચોક પર જમ્મુ-શ્રીનગર હાઈવેને બ્લોક કરી દીધો હતો.


### સહારાની સંમતિની નિલામી

સર્વોચ્ચ અદાલયે કહ્યુ છે કે મહારાષ્ટ્ર સ્થિત સહારાની એમ્બીવેલી પરિયોજનાની નિલામી ચાલુ રહેશે કેમકે સેબી સહારા રિફંડના ખાતામાં ૭૫૦ કરોડ રૂપિયા જમા કરાવવામાં નાકામ રહી છે.

# યેદિયુરપ્પાનું ભાવિ 'સુપ્રિમ'ના હાથમાં

**કર્ણાટકમાં સત્તાનો 'જુગાડ' : યેદિયુરપ્પાએ ત્રીજી વાર મુખ્યપ્રધાન તરીકેના શપથ લીધા : રાજ્યપાલે ૧૫ દિવસમાં બહુમત સાબિત કરવા સમય આપ્યો : સુપ્રિમે ભાજપને સમર્થન ધારાસભ્યોનું લિસ્ટ રજૂ કરવા કહ્યું : કોંગ્રેસ દ્વારા તર્કદાર દલીલો કરવામાં આવતા ભારે સસ્પેન્સ : રાજ્યપાલના યેદીયુરપ્પાને સરકાર રચવા માટે આમંત્રણ આપવાના નિર્ણયને પડકાર ફેંકી અપીલ કરાઈ : આજે ૧૦.૩૦ કલાકે સુનાવણી**





બેંગલોર,તા. ૧૭

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હજુ પણ જોરદાર રાજકીય કટોકટી પ્રવર્તી રહી છે. કર્ણાટકમાં સરકાર રચવા માટે રાજ્યપાલ વજુભાઈ વાળાએ ભાજપને આમંત્રણ આપ્યા બાદ આને રોકવા માટે કોંગ્રેસની ટીમ સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી. જો કે સુપ્રીમ કોર્ટે કર્ણાટકના મુખ્યપ્રધાન તરીકે બીએસ યેદીયુરપ્પાની શપથવિધીને રોકવાનો ઈન્કાર કર્યો હતો. હવે આ મામલે ફરી આવતીકાલે શુક્રવારના દિવસે સુનાવણી કરવામાં આવનાર છે. ભાજપને રોકવા માટે કોંગ્રેસ પાર્ટી મોડી રાત્રે જ સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી. સુપ્રીમ કોર્ટમાં મામલો પહોંચ્યા બાદ સમગ્ર રાત દરમિયાન સુનાવલણી ચાલી હતી.

સુપ્રીમ કોર્ટમાં વહેલી પરોઢે ૨.૧૧ વાગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જે ૫.૨૮ સુધી ચાલી હતી. જો કે સુપ્રીમ કોર્ટે તમામ રજૂઆત સાંભળ્યા બાદ સ્પષ્ટતા કરી હતી કે રાજ્યમાં

● અનુસંધાન પાન-૭ પર

## રાજકીય લડાઈમાં વરિષ્ઠ વકીલ જેઠમલાણીની પણ સુપ્રીમમાં અરજી

બેંગ્લોર, તા.૧૭

કર્ણાટકની રાજકીય લડાઈમાં હવે વરિષ્ઠ વકીલ રામ જેઠમલાણી પણ કુદી ગયા છે. રામ જેઠમલાણીએ કર્ણાટકના રાજ્યપાલ દ્વારા ભાજપને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવાની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી દીધી છે. જેઠમલાણીએ કહ્યુ છે કે, આ ચુકાદો બંધારણીય શક્તિનો જોરદાર દુરુપયોગ છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વવાળી પીઠે તરત સુનાવણી માટે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરી હતી અને કહ્યુ હતું કે, ગુરુવારના દિવસે કર્ણાટક મામલાની સુનાવણી કરનાર ત્રણ સભ્યોની ખાસ બેંચ દ્વારા આ સંદર્ભમાં સુનાવણી કરવામાં આવશે. રામ જેઠમલાણીએ કર્ણાટકના રાજ્યપાલના નિર્ણય સામે વાંધો ઉઠાવીને આની નિંદા કરી છે અને કહ્યું છે કે, તેઓ વ્યક્તિગતરીતે આની સામે વાંધો ઉઠાવે છે. કોઈ પાર્ટી તરફથી તેઓ સુપ્રીમ કોર્ટમાં આવ્યા નથી. આ મામલામાં સુનાવણી જસ્ટિસ એકે સિકરીના નેતૃત્વમાં બેંચ દ્વારા કરવામાં આવી રહી છે. કર્ણાટકમાં યેદીયુરપ્પા સરકારની રચના થઈ ચુકી છે પરંતુ વિવાદ અકબંધ રહ્યો છે. રાજ્યપાલે ભાજપને સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યા બાદથી વિવાદ વધી રહ્યો છે.

## આખરે યેદીયુરપ્પાની મુખ્યમંત્રી તરીકે શપથવિધિ



બેંગલોર,તા. ૧૭

કર્ણાટકની રાજનીતિમાં સમગ્ર રાત્રી ગાળા દરમિયાન અભૂતપૂર્વ હાઈડ્રામાની સ્થિતી રહ્યા બાદ આજે સવારમાં કર્ણાટકના મુખ્યપ્રધાન તરીકે બીએસ યેદીયુરપ્પાએ શપથ લીધા હતા. આની સાથે જ કર્ણાટકમાં ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ રાજ્યમાં સરકાર કોણ બનાવશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. યેદીયુરપ્પા ત્રીજી વખત રાજ્યના મુખ્યમંત્રી બની ગયા છે. યેદીયુરપ્પા કર્ણાટકના ૨૫માં મુખ્યમંત્રી બન્યા છે. અગાઉ બે વખત મુખ્યમંત્રી બન્યા હતા પરંતુ બંને વખત મુખ્યમંત્રી અવધિ પૂર્ણ કરી શક્યા ન હતા. ૨૦૦૬માં પ્રથમ વખત જેડીએસની સાથે મળીને સરકાર બનાવી હતી.

**શપથવિધિમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ હાજર ન રહી શક્યા**

૨૦૦૮માં એકલા હાથે ભાજપે બહુમતિ સાથે સરકાર

● અનુસંધાન પાન-૭ પર

## પશ્ચિમ બંગાળમાં ટીએમસીને મોટી સફળતા : વ્યાપક હિંસા

**ભાજપ અને ટીએમસી કાર્યકરો વચ્ચે અથડામણ : પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી : ગ્રામ પંચાયત ચૂંટણીમાં ટીએમસીને નોંધપાત્ર સફળતા હાથ લાગી છે**



કોલકાતા,તા. ૧૭

પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી દરમિયાન વ્યાપક હિંસા થઈ છે. પશ્ચિમ બંગાળ ચુંટણીમાં ટીએમસી મોટી જીત તરફ વધી ગઈ છે. જો કે, તેના ઉપર ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા છે. છેલ્લા પરિણામ મુજબ ટીએમસીએ ૨૪૬૭ ગ્રામ પંચાયતોમાં જીત મેળવી લીધી છે. ૧૪મી મેના દિવસે પંચાયત ચૂંટણી માટે મતદાન યોજાયા બાદ પરિણામો જાહેર કરવાની શરૂઆત થઈ છે. પરિણામ વેળા ભાજપ અને ટીએમસીના કાર્યકરો આમને સામને આવી ગયા હતા જેના લીધે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. ચૂંટણી પરિણામમાં ટીએમસી પ્રથમ અને ભાજપ બીજા સ્થાન ઉપર છે. પશ્ચિમ બંગાળના વિરભૂમમાં મતગણતરી કેન્દ્રની બહાર ટીએમસી અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સ્થિતિ ગંભીર બનતા લાઠીચાર્જ કરવાની પણ ફરજ પડી હતી. નવેસરના આંકડા મુજબ ગ્રામ પંચાયતની ૧૧૮૮૦ સીટો પર પરિણામો જાહેર થઈ ચુક્યા છે જે પૈકી ૮૯૫૩ સીટો એકલા ટીએમસીએ જીતી લીધી છે. બીજી બાજુ ભાજપે ૧૫૩૭ અને સીપીએમે ૫૪૨ તથા કોંગ્રેસની ૨૪૮ ગ્રામ પંચાયતોની સીટ મળી છે. પંચાયત સમિતિ સીટોની વાત કરવામાં આવે તો ૨૫૬૦ સીટો પૈકી ટીએમસીએ ૨૪૦૬ સીટો પોતાના ખાતામાં નાંખી દીધી છે. સીપીએમને ૬૦ અને ભાજપને ૪૮ સીટો મળી છે. કોંગ્રેસને માત્ર ૨૮ સીટો મળી છે. ભાજપ સીપીએમ અને કોંગ્રેસને સૌથી કારમી હાર જિલ્લા પરિષદમાં ઉઠાવવાની ફરજ પડી છે.

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં ચાર રૂપિયા વધવાના ભણકારા

**કર્ણાટક ચૂંટણીથી પહેલાની માર્જિન સ્થિતિ હાસલ કરવા પ્રયાસ : ૧૯ દિવસના બ્રેક બાદ પેટ્રોલ ડીઝલની કિંમતમાં વધારો કરવાની ફરીવાર શરૂઆત થઇ : ક્રૂડની કિંમત બેરલદીઠ ૮૦ ડોલરની ઉંચી સપાટી પર પહોંચી**

નવીદિલ્હી,તા. ૧૭

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કારણ કે, પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં પ્રતિલીટર ૪ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બ્રોકરેજ કંપનીના કહેવા મુજબ જો સરકારી તેલ કંપનીઓને કર્ણાટક ચૂંટણીથી પહેલાની માર્જિન સ્થિતિમાં પહોંચવું છે તો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ચાર રૂપિયા સુધીનો વધારો કરવો પડશે. કર્ણાટકમાં ચૂંટણી પ્રક્રિયા ખતમ થઈ ગયા બાદ સરકારી તેલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, હિન્દુસ્તાન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડને ૧૯ દિવસ બાદ સોમવારના દિવસે ફરીથી દરરોજના આધાર પર કિંમતોમાં વદારો કરવાની શરૂઆત કરી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી ૬૯ પૈસા પ્રતિલીટરનો વધારો કરવામાં આવી ચુક્યો છે. આજે ૨૨ પૈસાનો વધારો કરાયો હતો જેનો આમા સમાવેશ કરવામાં આવી ચુક્યો છે. દિલ્હીમાં ગુરુવારના દિવસે પેટ્રોલ ૭૫.૩૨ રૂપિયા પ્રતિલીટરના ભાવે વેચાયુ હતું જે પાંચ વર્ષમાં સૌથી ઉંચી સપાટી છે. ડીઝલની કિંમતમાં આ સપ્તાહમાં હજુ સુધી ૮૬ પૈસાનો વધારો થઈ ચુક્યો છે. દિલ્હીમાં ગુરુવારના દિવસે પ્રતિલીટર ૬૬.૭૯ રૂપિયા ભાવ રહ્યો હતો. કોટક ઈન્સ્ટીટ્યુશનલ ઈક્વિટીના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ઓઈલ માર્કેટિંગ કંપનીને આવનાર સપ્તાહમાં પેટ્રોલની રિટેલ કિંમતો ૩.૫૦થી ૪ રૂપિયા અને ડીઝલ કિંમતમાં ૪થી ૪.૫૦ સુધી વધારવાની જરૂર છે.

## રમઝાન માસના પ્રથમ દિવસે પાક દ્વારા યુદ્ધવિરામનો ભંગ : એક ઘાયલ

**૧૫ સરહદી ચોકી પર ગોળીબાર : પાકિસ્તાની સેના દ્વારા કરાયેલા ગોળીબારમાં જડબાતોડ જવાબ અપાયો : નાગરિક વિસ્તારમાં પણ ગોળીબાર કરાયો**

જમ્મુ,તા. ૧૭

રમઝાનના પવિત્ર મહિનાની શરૂઆત થયા બાદ એકબાજુ સરકારે યુદ્ધવિરામની જાહેરાત કરી છે ત્યારે રમઝાનના પ્રથમ દિવસે જ પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો છે જેમાં બીએસએફના એક જવાનને ઈજા થઈ છે. જમ્મુ કાશ્મીરના સાંબા અને કઠુઆ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાની રેન્જરો દ્વારા બુધવારના દિવસે રાત્રિ ગાળા દરમિયાન ૧૫ સરહદી ચોકી ઉપર ગોળીબાર કર્યો હતો. કેટલાક આવાસી વિસ્તારમાં પણ ગોળીબાર કરાયો હતો. મોર્ટાર પણ ઝીંકવામાં આવ્યા હતા. જેમાં બીએસએફના એક જવાનને ઈજા થઈ છે. સાંબા અને કઠુઆ જિલ્લામાં એલઓસી નજીક ૧૦થી ૧૫ સરહદી ચોકી ઉપર ભારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબારમાં બીએસએફના એક જવાનને ઈજા પણ થઈ છે. સાંબા સેક્ટરમાં ૧૫મી મેના દિવસે પાકિસ્તાની જવાનોએ યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. કેન્દ્ર સરકારે રમઝાનના પવિત્ર મહિના દરમિયાન જમ્મુ કાશ્મીરમાં શરતી યુદ્ધવિરામની જાહેરાત કરી છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફ્તી દ્વારા રમઝાન અને અમરનાથ યાત્રા દરમિયાન ખીણમાં એકબાજુની યુદ્ધવિરામની અપીલને શરતી મંજુરી આપી દીધી છે.





કોર્પોરેટ, શિક્ષકો, બેંક, ગર્વમેન્ટ / PSUs, CSD / CPC કર્મચારીઓ, CA તથા ડોક્ટર્સ માટે ખાસ લાભ.
ફ્લીટ અને બલ્ક પૂછપરછ માટે સંપર્ક sales.corporate@mahindra.com

Privilege | Bankers' Bonanza | SarCar2.0 Offer | Lifesavers' Rewards | Teacher's Rewards | Money Mentors Rewards | Vakils' Rewards

*Terms & Conditions Apply. Offer valid on select models till stocks last. Insurance is a subject matter of solicitation and is at the discretion of the Insurance Company. This offer cannot be clubbed with any other offer. Offer mentioned is the maximum benefit available, subject to insurance & finance availed through dealership only. It include exchange bonus (through Mahindra X Mart/First Choice counters only) and corporate bonus as applicable. Extent of discount will vary if vehicle purchased against cash, extent of funding exposure, insurance options available with dealership. Offer will vary depending on the brand and model purchased and may vary from city to city. Contact your nearest Mahindra dealer for exact details. Terms of the offer may be altered/amended/withdrawn without prior notice. Accessories shown are not part of standard equipment. For more information please visit : www.mahindraauto/nearestdealership. T&C apply. ^ Ex-showroom price - Ahmedabad.

Mahindra with you hamesha 1800-209-6006 | X Mart from Mahindra EXCHANGE OR BUY. WITH TRUST.

**Param Automobiles**
Gandhinagar : 7069075809, 9925006035
• Kalol : 9925006552, 9925007422
• Dehgam : 9925006035

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




REQUIRED
One of The leading Stock Market leader Required staff for New Branches At INFOCITY - CHANDKHEDA - ADALAJ & PETHAPUR .
❖ EQUITY DEALER CASH / F & O :- 3 ❖ TELE CALLER :- 3
❖ BACK OFFICE EXECUTIVE :- 4 ❖ OFFICE ASSISTANT BOY :- 3
Attractive Salary + Incentive + Petrol ,Banking & finance experience prefer fresher also apply to
MAIL :- bestboi123@gmail.com Or whatsApp No 9974703401 with full CV

Blue Sky Immigration & Visa Services
IELTS વગર અમેરિકા સ્ટુડન્ટ વિઝા મેળવો.
પાસપોર્ટ માત્ર ₹299/-
કેનેડા વિઝીટર વિઝા + નોકરી + વર્ક પરમીટ.
કેનેડા રીજેક્ટેડ કેસ આવકાર્ય
• અન્ય સેવાઓ •
ટુર્સ પેકેજ • ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટીક એર ટિકિટ બુકિંગ • હોટલ બુકિંગ • પાસપોર્ટ • વિઝા સેવાઓ
079-48922380, 9558109648, 9157391235